**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૪૯ ટકા

# એલઆરડી ઉમેદવારોનું આંદોલન : ૧૩૫ ની અટકાયત






ગાંધીનગર, તા.૪
મહિલા ઉમેદવારોની ભરતીની જેમ પુરુષ ઉમેદવારોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવે તેવી માંગ સાથે સ્વર્ણીમ પાર્ક ખાતે સોમવારના રોજ ઉમેદવારોએ ધરણા યોજી પ્રદર્શન કર્યુ હતું. રાજયભરમાંથી આંદોલનમાં એલઆરડી પુરુષ ઉમેદવારો ઉમટી પડ્યા હતા. કોરોના મહામારીને પગલે ૨૦૦ થી વધુ ઉમેદવારોએ સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે ધરણા યોજીને વિરોધ પ્રદર્શન શરુ કર્યુ હતું.ત્યારે ધરણા પ્રદર્શન કરી રહેલા ૧૩૫ ઉમેદવારોની પોલીસે અટકાયત કરી હતી.

મળતી વિગત મુજબ એલઆરડી ઉમેદવારો સ્વર્ણીમ પાર્ક ખાતે એકઠા થયા હોવાની જાણ પોલીસને થતા તાત્કાલીક મોટીસંખ્યામાં પોલીસ કાફલો આંદોલન સ્થળે ખડકી દેવાયો હતો. મંજુરી વિના ધરણા પર બેસવા બદલ પોલીસ તંત્ર દ્વારા ઉમેદવારોને સમજાવવામાં આવ્યા હતા. તેમ છતા તેઓ ટસ ના મસ ના થતા પોલીસે કાર્યવાહી કરી હતી. જેમાં પ્રારંભિક તબક્કે પોલીસ અને કેટલાક ઉમેદવારો વચ્ચે રકઝકના દ્રશ્યો પણ સર્જાયા હતા. એલઆરડી ભરતીમાં અન્યાય થયો હોવાની માંગ સાથે પુરુષ ઉમેદવારો છેલ્લા કેટલાક સમયથી આંદોલન ચલાવી રહ્યા છે. પરંતુ કોરોના સમયગાળામાં વિરોધ માટે મંજુરી ન મળતા આખરે ઉમેદવારો એકઠા થઈ ગયા હતા. જેથી પોલીસે તમામને ચોતરફથી ઘેરી વળ્યા હતા. ત્યારબાદ પોલીસે અટકાયતની કાર્યવાહી શરુ કરાઈ હતી. જેમાં ઉમેદવારો વિરોધ માટે મક્કમ રહેતા પોલીસે ઉમેદવારોને ટીંગાટોળી અને ઘસડીને વાહનમાં બેસાડવાની ફરજ પડી હતી. જેને પગલે પોલીસ અને ઉમેદવારો વચ્ચે ચકમકના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. સ્વર્ણીમ પાર્ક ખાતે થી પોલીસે વિરોધ પ્રદર્શીત કરતા ૧૩૫ ઉમેદવારોની અટકાયત કરી હતી.




ભુવનેશ્વર મહાદેવ મંદિર નજીકના રોડ પાસે પડેલી કચરા પેટીમાં કચરો સરખી રીતે ન ભરાતા કચરાપેટીની આસપાસ કચરાનો ઢગલો પડી રહ્યો છે. આ ગંદકીને કારણે ત્યાંથી અવરજવર કરતા શહેરીજનોને હાલાકી ભોગવવી પડી રહી છે.





રક્ષાશકિત સર્કલથી સરગાસણ તરફ વૃંદાવન બંગ્લોઝની સામેની બાજુમાં ફોર્ડ ઉભેલી ગાડીને દુરથી સ્વીફટ ગાડીએ ગુલાટી મારતી મારતી આવીને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બન્ને કારને નુકશાન થવા પામ્યું હતું. જયારે અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે સૌ કોઈ અજાણ હતા.

## ઉત્તરાયણમાં દોરીથી ઘાયલ પશુ-પક્ષીઓને બચાવવાના સેવાકાર્યમાં જોડાવા હાકલ

ગાંધીનગર, તા.૪
ગાંધીનગર પ્રકૃતિ પ્રેમી તથા જીવદયા પ્રેમી યુવાનોનું શહેર છે. દર વર્ષે આ યુવાનો દ્વારા અસંખ્ય પશુ પક્ષીઓને આકસ્મિક સમયે રેસ્કયુ કરી બચાવવામાં આવે છે. ઉત્તરાયણના તહેવારમાં પતંગની દોરીથી ઘાયલ થતાં પક્ષીઓ માટે આ યુવાનો દ્વારા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવે છે જે અંતર્ગત વનવિભાગ સાથે મળીને રેસ્કયુ કાર્ય કરવામાં આવે છે.

સે-૧૭ ખાતેથી ગાંધીનગરના વનવિભાગ દ્વારા ઉત્તરાયણમાં ખાસ હાથ ધરવામાં આવતા કરૂણા અભિયાનમાં શહેરના અનેક જીવદયા પ્રેમી યુવાનો જોડાઈ રહ્યા છે. શહેરની પર્યાવરણ પ્રેમી યુવાનોની સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા આ અભિયાનમાં સ્વયંસેવકોને જોડવામાં આવી રહ્યા છે. ઉત્તરાયણના પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતાં પશુ પક્ષીઓને બચાવવાના ઉમદા સેવા કાર્યમાં જોડાવા માંગતા હોય તેવા યુવા સ્વયંસેવકોએ શહેરના સેકટર-૨૨માં શ્વેતાંબર જૈન દેરાસર સામેના શોપીંગ સેન્ટર ખાતે અમિત ગોંડનો મો.નં. ૮૪૦૧૪૮૮૫૮૮ પર સંપર્ક સાધી ફોર્મ ભરી શકાશે તેવું પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના સંચાલક તેજસ ગામિતે જણાવ્યું હતું.





નવા વર્ષમાં નવું કરવાની પ્રેરણા સાથે ધર્નુરમાસના પવિત્ર દાનના આ માસમાં ગાંધીનગર વૈષ્ણવ સમાજના પૂર્વ પ્રમુખ ડી.એફ. શાહ તથા તેમના પૌત્ર આર્ય શાહ દ્વારા શહેરના સે-૬/૭/૮માં વસવાટ કરતા જરૂરિયાતમંદ લગભગ ૨૦૦ જેટલા બાળકોને ગાંઠીયા, બિસ્કીટ, કેટબરી ઉપરાંત તલ-મમરાના લાડુ આપવામાં આવ્યા હતા.

## હેપ્પી યુથ ક્લબની વર્ષ ૨૦૨૧ માટે કાર્યકારી સમિતિની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૩
ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબનો સંગીતમય સ્નેહ મિલન કાર્યક્રમ રવિવારે બપોરે કુડાસણ ખાતે મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે યોજાયો હતો જેમાં હેપ્પી મ્યુઝિકલ ક્લબના સિંગર્સે ખૂબ જ કર્ણપ્રિય ગીતો પ્રસ્તુત કર્યા અને સૌને મોજ કરાવી હતી. આ સાથે સંસ્થાના વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમમાં ૨૦૨૧ માટે નવી કારોબારી સમિતિની વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હેપ્પી યુથ ક્લબના ઈન્સ્ટાગ્રામ પેજ અને ફેસબુક પેજ લોન્ચ કરવામાં આવ્યાં




હતા જેમાં પેજ પર ગૃપની છેલ્લાં પાંચ વર્ષની કામગીરીની ઝલક ઉપલબ્ધ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૧ માટે હેપ્પી યુથ ક્લબની નવી કાર્યકારી સમિતિમાં પ્રમુખ પદે સમીર રામી, સ્પોર્ટ્સ ક્લબના કો-ઓર્ડિનેટર પદે વિશાલ થોરાત, મ્યુઝિકલ ક્લબના કો-ઓર્ડિનેટરપદે કિરીટકુમાર અગ્રાવત, ઉપરાંત કારોબારી સભ્યોમાં કિરીટ પારઘી , અભિષેક શર્મા, હર્ષ પ્રજાપતિ, રાજદિપ બિહોલા, શિવાંગ પટેલ,અલ્કેશ ભાનુપ્રિય, હિરેન ચૌહાણ તેમજ મહિલા સમિતિમાં ભાવના રામી, વિશાખા રાજપૂત, મોસમ રાઠોડ, ઉન્નતિ અને જયશ્રી પંડ્યાની વરણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ ફરજિયાત માસ્ક, સેનીટાઈઝર અને સોશ્યલ ડિસ્ટન્સના પાલન સાથે મર્યાદિત સંખ્યામાં યોજાયો હતો.

## વિશ્વ પ્રવાસી સામાજીક અને સાંસ્કૃત્તિક સંઘના પ્રદેશ પ્રમુખ તરીકે ઈલેવાન ઠાકરની નિમણૂંક



ગાંધીનગર, તા.૪
વિશ્વ પ્રવાસી સામાજીક અને સાંસ્કૃત્તિક સંઘ જે વિશ્વ પ્રવાસી ધર્મ પરીષદનો ભાગ છે. આ સંસ્થાના ગુજરાત પ્રદેશના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી જે અંતર્ગત સંસ્થાના રાષ્ટ્રીય સંરક્ષક પ્રમુખ ડો. સત્યપ્રકાશ તિવારી અને ગુજરાતના સંરક્ષક ભુપતભાઈ પાઘડારે ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે ગાંધીનગરના ઈલેવાન ઠાકરની નિમણુંક કરી હતી. આ સંસ્થા સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મની સમાજીક વ્યવસ્થા અને સંસ્કૃત્તિને ઉજાગર કરવાનું કાર્ય કરે છે. ભારતના દરેક રાજ્યમાં સંઘના અસંખ્ય કાર્યકરો છે અને ભારત સિવાય લંડન, કેનેડા, યુ.એસ., ઓસ્ટ્રેલીયા, યુ.એ.ઈ., વિએતનામ જેવા અનેક દેશોમાં સંઘ સામાજીક અને સાંસ્કૃત્તિક અભિયાનને આગળ વધાવી રહ્યું છે.

ગુજરાત રાજ્યમાં આ સંઘના પ્રમુખ તરીકે ઈલેવાન ઠાકરની નિમણુંક થતાં તેઓએ ગઈકાલે ગુજરાતનું પ્રદેશ માળખું ઉભુ કરી સમાજમાં સંઘના કાર્યોને આગળ વધારવા અને પ્રજા લક્ષી કાર્યો કરવા હોદ્દેદારોનું ગઠન કરેલ. જેમાં ગાંધીનગરના કેતનભાઈ જોષીને સંગઠન મહામંત્રી, ભાવનાબેન પાઠકને પ્રદેશ મહિલા પ્રમુખ, સાબરકાંઠાના મહંત સુનીલદાસજી, દાહોદના મનસાર્કિકર રે (કિક્કર ત્રિવેદી), વરિષ્ઠ પત્રકાર અનુભા ઝાલા, ગાંધીનગરના કનૈયાલાલ પટેલ અને સુરત-કામરેજના વંદનાબેન તોમરને પ્રદેશના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી. સાથે સાથે અમદાવાદના પ્રવિણભાઈ ભટ્ટને પ્રદેશ પ્રવક્તા, મહેસાણાના હરીભાઈ પ્રજાપતિને પ્રદેશ મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવેલ હતી. પ્રદેશની મહિલા પાંખમાં વિજુબેન આયરને મહિલા ઉપપ્રમુખ, ભારતીબેન ભટ્ટને મહિલા મહામંત્રી અને યુવા પાંખના મહામંત્રી તરકે હાર્દિક પટેલની નિમણુંક આપવામાં આવી હતી.

દરેક હોદ્દેદારોને ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં પોતપોતાની સંગઠન અંગેની જવાબદારી પુર્ણ કરવાનું જણાવવામાં આવ્યું હતું. ફેબ્રુઆરીના અંતમાં અયોધ્યા ખાતે નિર્માણ થનાર રામ મંદિર અંગેની વિશ્વ હિંદુ પરીષદની મહત્વની બેઠકમાં સંઘના દરેક પ્રદેશમાંથી હોદ્દેદારોને આમંત્રણ આપવામાં આવેલ હોવાથી ફેબ્રુઆરી ના પ્રથમ સપ્તાહ સુધીમાં પુરા ગુજરાતનું માળખુ તૈયાર કરવાની જવાબદારી પ્રદેશ પ્રમુખ ઈલેવાન ઠાકર દ્વારા દરેક હોદ્દેદારોને આપવામાં આવી હતી.

## શહેરના મયુર જોષીની ફેશવોટર એકશન નેટવર્ક સાઉથ એશિયા (ફેનસા)ના સહ-કન્વીનર તરીકે નિમણુંક

ગાંધીનગર, તા.૪
સમગ્ર ભારતના વિવિધ રાજયમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી ફ્રેશવોટર એક્શન નેટવર્ક સાઉથ એશિયા (ફેનસા) ની રાષ્ટ્રીય કારોબારીની ઓનલાઈન ચૂંટણી કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ગાંધીનગરની સામાજિક સંસ્થા ઉદગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોષી ભારતના ફ્રેશવોટર એક્શન નેટવર્ક સાઉથ એશિયા (ફનસા) ના સહ-કન્વીનર અને તેઓની સાથે વિશ્વ યુવક કેન્દ્ર, નવી દિલ્હીના ચીફ કંટ્રોલર ઉદય શંકર, કન્વીનર તથા ડો મઝહર રાશીદ, ચીફ એક્ષેકયુટીવ, પ્રતિનિધિ સહ-કન્વીનર તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

ફ્રેશવોટર એક્શન નેટવર્ક સાઉથ એશિયા (ફેનસા) દક્ષિણ એશિયામાં સીએસઓનું નેટવર્ક છે જે દક્ષિણ એશિયામાં ભારત, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન, માલદીવ્સ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં પાણી અને સ્વછતાના મુદ્દે પાયાના લોકોના અવાજને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને સરકારની નીતિમાં જોડાવા અને પ્રભાવિત કરવા માટે કામ કરી રહ્યા છે. સાર્ક દેશની સરકારો અને લોકભોગ્ય બનાવવાની નીતિ નિર્ધારણ અને તેને લાગુ કરી લોકભાગીદારી સાથે સક્રિય રીતે કાર્ય કરે છે.

ઉદગમ ટ્રસ્ટના મેનેજીંગ



વિશ્વમાં પાણી અને સ્વછતાના નીતિ અને પ્રેક્ટિસને લાગુ અને પ્રભાવિત લોકોના વૈશ્વિક નેટવર્ક સાથે ફેનસા સતત કાર્યશીલ છે. ભારતમાં પાણી અને સ્વચ્છતાના મુદ્દે કાર્યરત ૪૫૦ એનજીઓ ફેનસાના સભ્યો તરીકે વિવિધ રાજ્યોમાં કામ કરી રહ્યા છે તથા પાણી અને સ્વછતાના મુદ્દે ભારત સરકાર સાથે રહીને સરકારની વિવિધ યોજનાઓને સરળતાથી ટ્રસ્ટી ડો. મયુર જોષીની ભારતના ફ્રેશવોટર એક્શન નેટવર્ક સાઉથ એશિયા (ફનસા) ના સહ-કન્વીનર તરીકે ભારત સરકાર અને વિવિધ રાજ્ય સરકારો સહીત પાણી અને સ્વછતાના મુદ્દે કાર્યરત વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થો સાથેના સંવાદ અને સહયોગ કરવાની જવાબદારી રહેશે.

## અનેકવિધ સેવા કાર્યોની સુવાસ પ્રસરાવતું ગાંધીનગર માનવ સેવા મંડળ

ગાંધીનગર, તા.૪
ગાંધીનગર ભલે રાજકીય પાટનગર હોવાને કારણે નેતાઓની ટાંટીયા ખેંચ કે સરકારી ખાતાઓના લોલમલોલ કાર્યોને કારણે કટાક્ષ કે ટીકાનો ભોગ બનતું હોય પરંતુ બીજી તરફ શહેરના સેવાભાવી નાગરિકો દ્વારા અનેકવિધ નિયમિત સેવાકાર્યોની સુવાસ પ્રસરાવતા રહીને આ શહેરને એક સાચા અર્થમાં સંવેદનશીલ લાગણીઓ ધરાવતું શહેર હોવાનું સાબિત કરી રહ્યા છે. શહેરના ગાંધીનગર માનવ સેવા મંડળ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓ અનેક જરૂરિયાતમંદો માટે સંકટ સમયની સાંકળ બનવા સાથે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

છેલ્લા ઘણા વર્ષોથી ગાંધીનગર માનવ સેવા મંડળ દ્વારા શહેરમાં સિવિલ હોસ્પિટલ, સે-૧૨માં મહિલા ગૃહ, સે-૧૯માં સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ, સે-૩માં બાલ સંરક્ષણ ગૃહ, સે-૨૯માં મુકબધિર શાળા, ડભોડા ભિક્ષુક ગૃહ, શહેરમાં તથા શહેરની ઉવારસદ ખાતે લક્ષ્મીનારાયણ ટ્રસ્ટ દ્વારા ગામની ૫૫ નિરાધાર મહિલાઓને કાયમી દાતાઓની

### માનવસેવા મંડળનીઆર્થિક સહયોગ માટે હાકલ

ગાંધીનગર માનવ સેવા મંડળની સેવામાં પ્રફુલભાઈ રાવલ, મહેશભાઈ ઠાકોર, કિરીટસિંહ વાઘેલા, ભરતભાઈ ભટ્ટ, પ્રવિણભાઈ દરજી, એન.કે. ઝીંઝુવાડિયા, કૌશિકભાઈ સપોવાડિયા, શ્યામભાઈ, પલકબેન, હર્ષિદાબેન સોલંકી જેવા નાગરિકો નિયમિત સેવા તથા યથાશકિત આર્થિક સહયોગ આપી રહ્યા છે. જે માટે મંડળે આભારની લાગણી વ્યકત કરી છે તેમજ મંડળ દ્વારા શહેરના દાતાઓને આર્થિક સહયોગ માટે આહવાન કરવામાં આવ્યું છે. જે સ્વીકારવા પ્રતિનિધિઓ નિયુકત કરાયા છે. (૧) પ્રફુલ રાવલ-૯૪૦૮૨૮૮૭૭૦, (૨) પ્રવિણ દરજી-૯૪૨૮૯૧૦૫૫૫, (૩) ભરત ભટ્ટ-૯૪૨૯૬૨૧૨૦૭, (૪) નરેશ ઝિંઝુવાડિયા-૯૫૮૬૩૨૭૩૧૧

આસપાસના વૃધ્ધાશ્રમો વગેર મળીને કુલ ૯ સ્થળોએ દર માસના બીજા અને ચોથા રવિવારે ફળફળાદિ-બિસ્કિટ વગેરેનું વિતરણ કરવામાં આવે છે. કોવિડ-૧૯ મહામારીના કારણે આ પ્રવૃત્તિ અટકી હતી પરંતુ દિવાળીથી પુનઃ પ્રારંભ કરી દેવાયો છે. આ ઉપરાંત મદદથી કરિયાણું અને ઘરવખરીની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે તેમાં માનવ સેવામંડળ દ્વારા દર અમાસ અને પૂનમે સહયોગ આપવામાં આવે છે તેમજ દેવદિવાળીના પર્વે સંસ્થાની જયાં પરવાનગી મળે તે સ્થળોએ મળીને કુલ ૨૦૦ કિલો મોહનથાળ અને ૨૦૦ કિલો ચવાણાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ સાથે કાયમી દાતાઓના સહકારથી રૂ. ૫૨૦ની કિંમતની કરિયાણાની ૨૦૦ કીટનું ગજાનંદ સેવા સમિતિ સાથે મળીને શામળાજીની આસપાસના અંતરિયાળ વિસ્તારના જરૂરિયાતમંદ આદિવાસી પરીવારો તેમજ ગાંધીનગરની આસપાસમાં ઈંટોના ભઠ્ઠા પર કામ કરતા શ્રમજીવીઓના કુટુંબોને આવી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જે ઉપરાંત દાળ-ચોખા-ખજૂરની ૨૦૦ કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે સે-૧૨ના નારી સંરક્ષણ ગૃહ તથા ડભોડાના ભિક્ષુક ગૃહની મહિલાઓને ૧૫૦ કુર્તી-સલવાર તથા શિયાળામાં ૫૦૦ ધાબળા વિતરણ ઝુંપડપટ્ટીમાં કરાયા હતા. ગાંધીનગર માનવસેવા મંડળ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થકી સમાજમાં પ્રસન્નતા પ્રસરાવવા ઉમદા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. પંજાબી ગુરૂદિપ દોલતરામ, ઉ.વ. ૮૩, સેકટર-૩૦, ગાંધીનગર
- સ્વ. ઠાકોર ચંપાબેન મહોતજી, ઉ.વ. ૫૮, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. ભીખાભાઈ ચોથાભાઈ પરમાર, ઉ.વ. ૭૨, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. જાની ભરતભાઈ બળવંતરાય, ઉ.વ. ૬૦, નવાપુરા, તા. સાણંદ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પટેલ મંજુલાબેન, ઉ.વ. ૬૮, કુડાસણ, ગાંધીનગર
- સ્વ. જોષી કનૈયાલાલ મફતલાલ, ઉ.વ. ૩૮, સેકટર-૭, ગાંધીનગર